## પ્રવચન નં. ૧ શ્લોક-૧ તા. ૭-૬-૭૮ બુધવાર જેઠ સુદ-૨ સં. ૨૫૦૪

હિંદી શ્લોક ૧ તથા તેના ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન

સમયસાર ઓગણીસમી વાર હાલે છે અઢાર વાર પૂરું થઈ ગયું. થોડું બાકી હતું પહેલું ઓમ શ્રીમદ્‌ભગવત કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર. જીવ-અજીવ અધિકાર શ્રીમદ્ અમૃતચંદ્રસૂરી કૃત આત્મખ્યાતિ.

(अनुष्टुभ्)

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

મૂળ ગાથાઓનો આત્મખ્યાતિ ટીકાનો ગુજરાતી અનુવાદ. અર્થ કર્તા મંગલિક કરે છે.

શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમીય;
સમયસાર શાસન કરું દેશવચનમય, ભાઈ! -૧

દેવ, શાસ્ત્ર ને ગુરુ ત્રણને પહેલા નમસ્કાર કર્યા છે. આવે છે ને ત્રણ નામ દેવશાસ્ત્રગુરુ, દેવગુરુશાસ્ત્ર એમ નહીં દેવશાસ્ત્રગુરુ. પરમાત્મ પ્રણમી. પૂરણ પરમાત્મ સ્વરૂપને નમસ્કાર કરી. શારદ નામ શાસ્ત્ર એને નમસ્કાર કરી. સુગુરુને સદ્‌ગુરુને નમસ્કાર કરી. ત્રણને નમીને આવ્યુંને ? સમયસાર શાસન કરું. સમયસારનું કથન અથવા શિક્ષા અથવા શાસન- શિખામણ

ચાલતી ભાષામાં ભાઈ,

શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ
મંગળરૂપ પ્રસિધ્ધ એ, નમું ધર્મધન-ભોગ.

શબ્દબ્રહ્મ જે વાણી ભગવાનની એ પરમ બ્રહ્મને કહેનારી, એ પરમ બ્રહ્મસ્વરૂપ ભગવાન વાચકવાચ્ય નિયોગ, શબ્દ છે એ વાચક છે. જેમ સાકર છે એ વાચક છે એમાં સાકર નથી, સાકર છે એ વાચ્ય છે. એમ શબ્દ છે એ વાચક છે અને આત્મા છે એ વાચ્ય છે. એ આત્મા વાચ્ય છે ત્યાં શબ્દો નથી, અને શબ્દ છે ત્યાં વાચ્ય નથી. પણ વાચકવાચ્યનો નિયોગ, નિયમ સંબંધ છે. નિમિત્તનિમિત્ત સંબંધ. શબ્દબ્રહ્મ પરમબ્રહ્મનો વાચક, શબ્દવાચક ને પરમબ્રહ્મ એ વાચ્ય એનો નિયોગ સંબંધ છે નિમિત્તનિમિત્ત.

મંગળરૂપ પ્રસિધ્ધિ એ. એ મંગળરૂપ છે. ભગવાનની વાણી અને ભગવાન સ્વરૂપ આત્મા, મંગળરૂપ પ્રસિધ્ધિ એ નમું નમસ્કાર કરું છું. ધર્મરૂપી ધનના અનુભવ માટે. મારો ધર્મરૂપી ધર્મ આનંદ, એવો મારો ધર્મ એ મારી લક્ષ્મી આનંદરૂપી ધર્મની લક્ષ્મીના ભોગ માટે

આ મંગળ કરું છું. આહાહા ! આનંદ સ્વરૂપ આત્મા છે, એ એની લક્ષ્મી છે એનું ધન એને ભોગવવું છે. પોતાની સંપદા છે, આનંદ અતીન્દ્રિય જ્ઞાન એ નિજ સંપદા નિજ ધન, નિજ લક્ષ્મી એને ભોગવવા માટે અનુભવવા માટે, આ વાણી મેં કરી છે, આહા ! બીજો કોઈ હેતુ છે નહીં. આહા ! જેમાંથી અતીન્દ્રિય આનંદનો, અતીન્દ્રિય આનંદરૂપી ધનનો પર્યાયમાં ભોગ થાય, અનુભવ થાય એ હેતુ, શાસ્ત્ર અર્થ કરવાનો હેતુ એ છે. આહા ! આહા !

શ્રોતાઃ- અર્થ કરવો એ તો પરલક્ષીભાવ છે.

ગુરુદેવઃ- પરલક્ષી એ તો ભાષા છે, પણ મારું લક્ષ તો અહીંયાં છે. મારી ધનરૂપી સંપદા એના અનુભવ માટે મારી વાત છે. એમ અમૃતચંદ્રાચાર્યે કહ્યું ને ( કે ) ટીકા કરતાં મારી અશુદ્ધતા ટળી જજો, અને શુદ્ધતા પ્રગટ થજો. એ અહીં શુદ્ધતા એટલે મંગળિક અનુભવ થજો એમ કહે છે. આહાહા !

આત્માનું ધન, ધર્મરૂપી ધન, આત્માનો સ્વભાવ અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય ચૈતન્યના રત્નોથી ભરેલો ભગવાન એવું જે મારું ધર્મરૂપી ધન, એ મારું ધર્મરૂપી ધન, તેનો અનુભવ તેનો ભોગ- અનુભવ માટે આ હું અર્થ કરીશ કહે છે.

" નય નય સાર લહે શુભવાર, " પણ એ શબ્દે શબ્દે નયે નયે, સાર નીકળશે, ચાહે તો નિશ્ચયનયનું કથન હો કે ચાહે તો વ્યવહાર( નય )નું કથન હો. પણ નય નય સાર લહે શુભવાર અને સારા કાળમાં, શુભવારમાં, આજ તો આપણે બીજ ને બુધવારે શરૂઆત છે. જેઠ સુદ બીજ ને બુધવાર છે ને આજે ? બીજને બુધવાર છે. " નય નય સાર " નયે નયે શબ્દે શબ્દે, નયના વાક્યે સાર શું છે તે તેનો કાળ તેનો સમય નીકળશે સાર. ' પદ પદ માર ' અને પદે પદે માર લહે- સંસારના મળને નાશ કરી નાખે એવા પદો છે આ બધા. આહાહા ! પદ પદ દહે માર-પદે પદે, ડગલે ડગલે, પગલે પગલે, પર્યાયે પર્યાયે એમ કહે છે આત્મા આનંદ અનુભવો માટે આ છે. એ અનુભવની પર્યાયે પર્યાયે, માર દહે. જનમ મરણને નાશ કરે. પદે પદે પર્યાયે પર્યાયે જનમ મરણનો નાશ. દુઃખના કરનારા ( એવા ) જનમ મરણ એનો નાશ કરે છે. આહાહા !

" લય લય પાર ગ્રહે ભવધાર " અને એ આનંદસ્વરૂપમાં જેટલી લયતા થાય લીનતા, કરવાનું તો એ દ્રવ્યનો આશ્રય, લાખ વાતની વાત હોય તે. શાસ્ત્ર કે બાર અંગ, બાર અંગમાં પણ અનુભૂતિનું કથન છે, આવે છે ને કળશમાં. ભલે બાર અંગ છે એ વિકલ્પ છે પણ એમાં અનુભૂતિ, આત્મા શાંત અને આનંદ સ્વરૂપ એની અનુભૂતિ કરવાનું વિધાન છે. એમાં એમ નથી કહ્યું કે પુણ્ય કરવાનું ને વ્યવહાર કરવાનું વિધાન છે. એ રીતે ' લય લય પાર ગ્રહે ભવધાર ' ભવનું ધારણ ( એ ) સ્વરૂપના લય લયમાં પાર કરી નાખે ( છે ). ભવના ધારણનું પાર કરી નાખે, લય કરતાં. આહાહા ! અંતર્મુખ દૃષ્ટિ કરતાં લય લય પાર, લય લય પાર ગ્રહે- શેનો ? ભવધાર. ભવનું ધરવું તેનો નાશ કરે ( છે. ) આહાહા ! જય જય-બબ્બે શબ્દ છે ઈ. નય નય, પદ પદ, લય લય, જય જય. જય જય સમયસાર અવિકાર જય હો જય હો શુદ્ધાત્મા, અવિકાર છે ને ? સમયસાર અવિકારી, શુદ્ધાત્મા તેનો જય હો, જય હો. આહા ! અસ્તિથી મંગળિક કર્યું.

શબ્દ અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા,

શબ્દને પણ સમય કહીએ, અર્થને પદાર્થને સમય કહીએ જ્ઞાનનેય સમય કહીએ સમયત્રય

આગમ ગાયા. આગમ એને સમય કહે, કાળનેય સમય કહીએ, મતનેય સમય કહીએ ને સિધ્ધાંતને પણ સમય કહીએ. ભેદ-ત્રય નામ બતાયા. તે મહીં આદિ શુભ, એ બધામાં મૂળ સાર, કોણ ? કે શુભ અર્થસમયકથની શુભ પદાર્થ એવો ભગવાન શુધ્ધ આત્મા- શુભ એટલે શુદ્ધ-શુદ્ધ પદાર્થ એવો સમય આત્મા તેની કથની સૂણી એ બહુ. આહાહા ! તેની કથની સૂણીએ બહુ-ઘણીવાર કહેશું, પણ આ કહેશું. તે મહીં આદિ મુખ્ય તો શુભ નામ. સારો એવો જે અર્થ એટલે પદાર્થ સમયકથની સિદ્ધાંતની કથની સુણી એ બહુ શુદ્ધ. શુદ્ધાત્મા, પવિત્ર પ્રભુ ! એની ઘણી કથની કરશું કહે છે, છે ? કથની સુણીએ બહુ. ઘણું કહેશું ને ઘણું સાંભળ- આહાહા ! " તે મહીં સાર વિણકર્મમળ " કર્મ રહિત એમાં પણ પદાર્થ જીવ નામના સારમાં ' નિર્મળ શુદ્ધ જીવ શુદ્ધ નય કહે ' એ જીવને અમે ( એટલે ) અર્થ સમયને વારંવાર કહેશું પણ એ અર્થ સમય કેવો ? કે તે મહીં સાર વિણ કર્મ મળ કર્મ નામ ભાવ, દ્રવ્ય કર્મથી રહિત એવો જે શુદ્ધ પ્રભુ આત્મા. તેને શુદ્ધનય કહેશું ' એને શુદ્ધનય કહીએ, એને શુદ્ધનય કહેશું. આહાહા !

' શુદ્ધ જીવ શુદ્ધનય કહે " આ ગ્રંથમાં કથની સહુ, " જોયું ? આ ગ્રંથમાં કથની બધી " સમયસાર બુધજન ગ્રહે. " જ્ઞાની જનો ડાહ્યા પુરૂષો સમયસારને શુદ્ધને ગ્રહે. શુદ્ધ સમયસાર તેમાંથી નીકાળે ( કાઢે ). આહાહા ! ગમે તેટલા કથનો આવે ઘણાં, પણ એમાંથી સાર પ્રભુ શુદ્ધ ચૈતન્ય એ નીકાળે છે. એનો આશ્રય કરવો એ નીકાળે છે. આહાહા ! લાખ વાતની વાત, આવે છે ને ? નિશ્ચય ઉર આણો છોડી જગત દ્વંદ્વ ફંદ. નિજ આતમ ઉર ધ્યાવો. આહાહા ! એ આત્માની મૂળ ચીજ જે છે તેને વારંવાર હે બુધજનો, તેને ગ્રહો.

" નામાદિક ષટ્ ગ્રંથમુખ, " હવે, તો એ પોતે વાત કરે છે, શાસ્ત્ર કર્તા નામાદિક છ બોલ છે નામ છે, મંગળિક છે, શાસ્ત્ર કર્તા કોણ છે, સંખ્યા કેટલી છે, પ્રયોજન શું છે, એવા નામ છ છે " નામાદિક ષટ્ ગ્રંથમુખ તેમાં મંગળ સાર. " છમાં પણ મંગળિક સાર છે. આહાહા ! નામ શાસ્ત્ર મંગળિક કર્તા પ્રયોજન વિગેરે. એમાં પણ મંગળ સાર, ' વિઘ્ન હરણ, ' વિઘ્નનો નાશ કરનાર છે આ મંગળિક સાર વિઘ્નનો નાશ કરનાર છે. આહાહા ! ' નાસ્તિક હરણ ' અને નાસ્તિકનો તો નાશ કરનાર છે ( અને ) અસ્તિપણાની પ્રતીતિ કરાવનાર છે. આહાહા ! ' શિષ્ટાચાર ' પરંપરા શિષ્ટ જે આચાર છે સંતોનો એ બતાવનાર છે. એવો ઉચ્ચાર કરનાર છે.

' સમયસાર જિનરાજ છે, ' હવે છેલ્લો શબ્દ હવે આ, આ સમયસાર એ જિનરાજ છે. શુદ્ધ આત્મા એ જિનરાજ છે. ' ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન ' આહા ! જૈન કોઈ પંથ નથી, જૈન કોઈ વાડો નથી. જૈન, સમયસાર આત્માનું સ્વરૂપ તે જૈન છે. આહાહા !

સમયસાર જિનરાજ છે. જિનરાજ એ સમયસાર આત્મા- શુદ્ધાત્મા એ જિનરાજ છે- ' સ્યાદ્વાદ જિનવેણ ' આહાહા ! ત્રણ મૂકે છે. દેવ શાસ્ત્ર ને ગુરુ ત્રણ પહેલા લીધા હતા ને ? એ ત્રણ ફરીને યાદ કરે છે, કે સમયસાર જિનરાજ હૈ દેવ. દેવ, પોતાનો આત્મા સમયસાર એ જિનરાજ છે અથવા જિનરાજ તે દેવ છે ' સ્યાદ્વાદ એ જિનવેણ. ' અપેક્ષાએ કથન એ વીતરાગની વાણી શારદા છે. પહેલું કહ્યું ' તું ઈ, દેવ, શાસ્ત્ર અને ગુરુ ' મુદ્રા જિન નિર્ગ્રંથતા ' એ ગુરુની વ્યાખ્યા છે, આહાહા ! મુદ્રા જિન નિર્ગ્રંથ દશા, બાહ્યને અભ્યંતર નિર્ગ્રંથ દશા એ મુદ્રા, એ ગુરુ " નમું કરે સહુ ચેન " એ ત્રણેને હું દેવને, શાસ્ત્રને અને ગુરુને " નમું કરે સહુ ચેન "

નમસ્કાર કરતાં બધું ચેન નામ આનંદને આપે ચેન કરે. ચેન પડે આનંદમય, દેવગુરુશાસ્ત્રને વંદન કરતાં, છે વિકલ્પ પણ અંદર લક્ષ છે ધ્યેય આનંદની પ્રાપ્તિ અને ચેન મળે એ માટે હું નમસ્કાર કરું છું.

આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે, તેની દેશભાષામાં આત્મખ્યાતિની વચનિકા કરશું એમ કહે છે. ટીકા તો બે છે. જયસેન આચાર્યની પણ આમાં આત્મખ્યાતિની ટીકા કરીશું અમૃતચંદ્રાચાર્યની એમ લખીએ છીએ.

દેશભાષામય લખીએ છીએ, સંસ્કૃત ટીકામાંથી–પ્રથમ સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્ય ગ્રંથની આદિમાં પહેલા શ્લોક દ્વારા મંગળ અર્થે ઇષ્ટદેવને નમસ્કાર કરે છે. ઇષ્ટદેવને નમસ્કાર કરે છે. ઇષ્ટદેવ પરમાત્મા છે અને ખરેખર ઇષ્ટદેવ પોતે પ્રભુ ( નિજાત્મા ) છે. પુણ્ય ને પાપના ભાવ તે અનિષ્ટ છે, પ્રવચનસારમાં છે અને ભગવાન આત્મા તે જ ઇષ્ટ છે. નિશ્ચય તો શુદ્ધ આત્મા તે ઇષ્ટ છે, વ્યવહારે પરમાત્મા ઇષ્ટ છે.

એ આવ્યુંને શુદ્ધાત્મા, સમય નામ જીવ નામનો પદાર્થ–ઇષ્ટદેવને નમસ્કાર કરે છે, ગાથા, ગાથા બોલાઈ ગઈ છે. " નમઃસમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે, ચિત્ સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે. " ઓહો ! ખૂબી જુઓ, અસ્તિથી જ વાત કરી છે પહેલી, નાસ્તિથી વાત જ નહીં. બંધનો નાશ ને અજીવનો નાશ ને એ વાત નહીં. અસ્તિ એક જ વાત. આહાહા !

નમઃ સમયસારાય ! સમય નામ જીવ નામનો પદાર્થ, તેમાં જે સાર દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત, નોકર્મ રહિત, શરીર વાણી આદિ નોકર્મ, જડ કર્મ અને ભાવકર્મ પુણ્ય–પાપ એનાથી રહિત શુદ્ધાત્મા તે સમય છે. આહાહા ! તેને મારો નમસ્કાર હો, આમાં વાંધા કાઢે છે. કે આમાં તો ઈષ્ટને પરમાત્માને નમસ્કાર કર્યો છે, વ્યવહારને કર્યો છે પણ વ્યવહારને કર્યો છે એમાં નિશ્ચયને કર્યો ઈ ભેગો છે. આહાહા ! એમાંથી આ અર્થ કાઢે છે. તેને મારો નમસ્કાર હો. કેવો છે ભાવાય ? એટલે સમયસાર જે ભાવ, સમયસાર જે વસ્તુ. ભાવ એટલે વસ્તુ સમયસાર જે પદાર્થ એટલે કે ભાવ, શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. એ શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે, આહાહા ! સત્તા, ભાવ છે ને એ શુદ્ધ સત્તાસ્વરૂપ છે. ભગવાન પવિત્ર હોવાપણે વસ્તુ છે એ વસ્તુ પવિત્રપણે, હોવાપણે, સત્તાપણે આહાહા ! હોવાપણે એ ચીજ છે. પણ પવિત્ર હોવાપણે એ ચીજ છે, સત્તા નામ હોવાપણું અને શુદ્ધ નામ પવિત્રપણે હોવાપણું વસ્તુ છે, આહાહા ! શુદ્ધ હોવાપણાના સ્વરૂપે વસ્તુ છે. આહાહા !

એની સત્તા જ શુદ્ધ છે કહે છે. એનું હોવાપણું જ શુદ્ધ છે, દ્રવ્ય તરીકે હોં. વિશેષ, સમકિત સ્વભાવાય પછી આવશે. પણ અહીં તો ' ભાવાય ', વસ્તુ છે, પદાર્થ છે, તત્ત્વ છે, એ શુદ્ધ જ છે. આહાહા ! એ શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. વસ્તુને સિદ્ધ કરવી છે ને ? ' ભાવાય 'માં તો વસ્તુને સિદ્ધ કરવી છે. ' ભાવાય 'માં ગુણને નહીં. ગુણને પછી કહેશે. ' ભાવાય ' વસ્તુ, ભગવાન આત્મા શુદ્ધ વસ્તુ સત્તા છે. એકલો જ્ઞાયક આનંદ શાંતિ સ્વરૂપ વસ્તુ, વસ્તુ છે, સત્તા છે, ' ભાવાય ' છે, ' ભાવાય ' છે, પરથી અભાવ છે એ વાત અહીંયાં નથી લેવી. ' ભાવાય ' અસ્તિથી લેવી છે. નાસ્તિથી વાત લીધી નથી. ' ભાવાય ' એનો અર્થ આવી ગયો કે પરથી અભાવ છે; પણ પોતાથી ' ભાવાય ' છે, વસ્તુ છે, સત્તા છે આહા !

" આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો. " અભાવનો ( અર્થ ) નાશ. એમ કહે છે ને વસ્તુ અભાવ છે. વસ્તુ છે નહીં એમ કહેનારને ' ભાવાય ' કહીને એનો નાસ્તિકનો નાશ કર્યો. વસ્તુ ભાવ સ્વરૂપ છે. અનંત અનંત સ્વરૂપે વસ્તુ છે. વસ્તુ છે, પદાર્થ છે, દ્રવ્ય છે, તત્ત્વ છે, અસ્તિ, મોજૂદગી ચીજ છે, એમ કહે છે. આહાહા ! હૈયાતિ ધરનારી વસ્તુ છે. અભાવરૂપ નથી. હૈયાતિ, મોજૂદગી ધરાવનારી સત્તા, ભાવ વસ્તુ છે, એવી સત્તારૂપ ભાવ એક વસ્તુ છે. આહાહા ! આવું છે હવે આ તો ૧૯ મી વાર વંચાય છે. ઝીણું પડે ! પણ અંદર ધ્યાન દેવું પડે ને થોડું. આહાહા ! એ તો વસ્તુ કીધી. દ્રવ્ય કીધું. શુદ્ધ સત્તારૂપ પદાર્થ છે એનું વાચ્ય એની દૃષ્ટિમાં આમ આવવું જોઈએ, એ માટે અહીં કહેવાય છે એમ કહે છે.

આ શબ્દો તો વાચક છે, પણ વાચક-વાચ્ય નિયોગ એમ કહ્યું ' તું ને. વાચક શબ્દો અને વાચ્યનો સંબંધ છે. એટલે શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે એવા જે વાચક શબ્દો એનું વાચ્ય શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે એ વાતની દૃષ્ટિ એમાં થવી જોઈએ. આહાહા !

' આથી સર્વથા અભાવવાદીઓનાં ' કથંચિત્ અભાવ છે, ( અહીંયા ) સર્વથા કેમ કહ્યું ? કથંચિત્ અભાવ છે, અભાવ છે, સર્વથા અભાવ નથી. પાછું સર્વથા, કથંચિત્ અભાવ ન હોય તો તો સ્વથી છે ને પરથી નથી, એ ન આવે. સર્વથા અભાવ નથી એમ કીધું છે. કથંચિત્ અભાવ છે. પરની અપેક્ષાએ અભાવ છે અને સ્વની અપેક્ષાએ ભાવ છે. પરની અપેક્ષાએ અભાવ છે પણ સર્વથા અભાવ છે, એનો નિષેધ કર્યો છે. કથંચિત્ અભાવને તો સિદ્ધ કર્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત કર્યો. સ્વભાવ તો વસ્તુ સ્વપણે- સત્તાપણે વસ્તુ તો છે, એટલે જ તથા એથી અનંતી બીજી ચીજોપણે એનો અભાવ છે-અભાવ છે. અભાવ પણ એનો સ્વભાવ છે. જેવો ભાવ સ્વભાવ છે, એવો અભાવ પણ એનો એક સ્વભાવ છે. પણ સર્વથા અભાવ, એનો નિષેધ કરવા ' ભાવાય ' કહીને કથંચિત્ પરથી અભાવ છે પણ સર્વથા પરથી અભાવ છે, પરથી નથી જ એટલે પોતે જ નથી એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? સર્વથા અભાવ કથંચિત્ અભાવવાદીની તો હા પાડી, કારણ સ્વ-પણે વસ્તુ છે, પર રાગાદિપણે નથી-જેમ સ્વપણે પણ છે અને પરપણે પણ હોય તો વસ્તુ સિદ્ધ નહીં થાય. આહાહા ! તેમ પરપણે નથી એમ સર્વથા અભાવ કહો, તો સત્તા વસ્તુનો નાશ થાય છે. આહાહા ! આવી વસ્તુ છે હવે આમાં નવરાશ કયાં, આવી વસ્તુ છે બાપુ ! એના નિર્ણય માટે એણે વખત લેવો પડશે. આહા !

શુદ્ધ સત્તા વસ્તુ છે હજી ગુણની વ્યાખ્યા નથી આવી, હજી તો દ્રવ્યની વ્યાખ્યા છે. શુદ્ધ સત્તા દ્રવ્ય છે, સર્વથા અભાવ દ્રવ્યનો કહે છે એમ નહીં. ( એમ નથી. ) કથંચિત્ અભાવ પરનો એમાં અભાવ છે એ અપેક્ષાએ અભાવ છે પણ સ્વનો પણ અભાવ છે એમ નથી. સ્વપણે છે પરપણે નથી. સર્વથા પરપણે નથી માટે પોતે જ નથી, એમ નથી. આહાહા ! આવી વાતું હવે ક્યાં એને પકડાય ( સમજાય ) છે. આહાહા ! મારગ એવો છે.

હવે કહે છે એ તો વસ્તુ છે. વસ્તુ તો પરમાણુ એ પણ છે, છ દ્રવ્યો છે, પણ આ કેવી ચીજ છે ? વસ્તુ છે આત્મા શુદ્ધ સત્તાભાવરૂપ દ્રવ્ય છે. તો દ્રવ્ય તો પરમાણુ આદિ બીજા પણ છે. પણ આનો સ્વભાવ શું છે હવે ? ભાવાય તત્ત્વ દ્રવ્ય છે તેનો સ્વભાવ-ગુણ શું છે ?

કે " ચિત્સ્વભાવાય " જેનો સ્વભાવ ચેતના ગુણરૂપ છે. આહાહા ! શું વાણી ! વસ્તુ

ભગવાન અંદર શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, એ ચેતના સ્વભાવ ગુણવાળી છે. એ ગુણ છે એમાં. ચિત્ જેનો સ્વભાવ ચેતના, જાણવું- દેખવું ભેગું છે એમાં. ચેતનાગુણરૂપ છે. આહાહા ! પોતે સત્તા, દ્રવ્ય તરીકે ભાવાય છે પણ ગુણ તરીકે ચિત્ સ્વભાવ છે. આહાહા ! હવે આવો ઉપદેશ ! એમાં એકેન્દ્રિયા બેઈન્દ્રિયામાં હાલતો હોય આ કરો આ કરો એ બધી વાતું બાપુ ક્રિયા( કાંડ ) છે. આહાહા ! અને તે પણ વાચકનો વાચ્ય છે તે તેણે લક્ષમાં લેવું એને કહે છે. વાચ્યને લક્ષમાં લેવું. વાચક શબ્દ તો આવે છે એ ભગવાન આત્મા, ભાવાય નામ સત્તા તરીકે, દ્રવ્ય તરીકે, તત્ત્વ તરીકે, વસ્તુ તરીકે ભાવ છે. અને તેનો ગુણ હવે વસ્તુ છે તો તેની શક્તિ જોઈએ ને ? તો “ ચિત્સ્વભાવાય ” એનો જ્ઞાનાદિ એમાં જ્ઞાનની પ્રધાનતાથી વાત છે. જ્ઞાન ને દર્શન ( ગુણ ) એ એનો વિશેષ.. વિશેષ સ્વભાવ છે. આહાહા ! છે ?

જેનો સ્વભાવ ચેતના ગુણરૂપ છે. આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર, જુઓ ગુણી આત્મા અને જ્ઞાન સર્વથા જુદા છે એમ માનનારનો નિષેધ કર્યો. કથંચિત્ નામ ભેદ છે. પણ ભાવ ભેદ કથંચિત્ છે પણ વસ્તુ તરીકે ભેદ નથી. આહાહા ! આમ તો ગુણ ગુણીની વચ્ચે પણ અતદ્ભાવ છે. પણ અભાવ નથી. પ્રવચનસારમાં છે. ગુણી અને ગુણ વચ્ચે અતદ્ભાવ છે, પણ અભાવ નથી. કે ગુણી જુદો ને ગુણ જુદો કે ગુણીમાં ગુણ નહીં અને ગુણ ગુણીમાં નહીં, એમ નથી. આવી વાતું લ્યો. વિશેષણથી ગુણગુણીનો સર્વથા ભેદ, ( માનનાર ) કથંચિત્ ભેદ માનનાર તો બરાબર છે, એમ કહે છે. કેમ કે ગુણી ને ગુણ એવા બે નામ પડયા, તો નામ ભેદ છે, ભાવ પણ ભેદ એક ન્યાયે છે, નામ ભેદ થયા, કથન ભેદ થયા, ફળ ભેદ પણ છે. આહાહા ! પણ સર્વથા ભેદ માનનારનો નિષેધ કર્યો, કથંચિત્ ભેદ છે. વસ્તુ ભગવાન આત્મા સત્તા અને ચેતન ગુણ, કથંચિત્ ભેદ છે ગુણગુણીનો, બે વચ્ચે નિશ્ચયથી ખરેખર અતદ્ભાવ છે. પણ પ્રદેશ તરીકે પ્રદેશો બેયના એક છે. આહાહા ! દ્રવ્યના પ્રદેશ ને ગુણના પ્રદેશ જુદા છે એમ નથી. લ્યો ઠીક ! પ્રદેશ ભેદ હોય તો પૃથક થઈ જાય છે અને આ પ્રદેશભેદ નથી છતાં ગુણગુણી ભેદ છે વસ્તુ છે અને એનો ગુણ છે. એવા નામ ભેદે, પ્રયોજન ભેદે, ફળ ભેદે, ભેદ હો પણ કથંચિત્ ભેદ, સર્વથા ભેદ નથી. આહાહા ! !

જેટલા ગુણોના પ્રદેશ છે તેટલા જ દ્રવ્યના છે. જેટલા દ્રવ્યના છે તેટલા જ ગુણોના છે. આહાહા ! પર્યાયની જુદી વાત છે અત્યારે, કહો સમજાણું કાંઈ ? ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર ( નો નિષેધ છે ), ગુણ-ગુણીનો કથંચિત્ ભેદ માનનાર બરાબર છે. કથંચિત્ ભેદ અને કથંચિત્ ભેદ નહીં, હવે આ કેવી વાત ! કથંચિત્ ભાવ અને કથંચિત્ અભાવ. સર્વથા અભાવેય નહીં ને સર્વથા એકલો ભાવેય નહીં. આહાહા ! ભાવ સ્વરૂપ છે છતાં પરની અપેક્ષાએ અભાવ સ્વરૂપ પણ એનો ગુણ છે. પરરૂપે ન થવું એવો અભાવ સ્વભાવ છે. સ્વરૂપે રહેવું એવો ભાવસ્વભાવ છે. આવું છે. હેં ! આહાહા !

બે બોલ થયા, દ્રવ્ય અને ગુણ. જૈન દર્શન- વિશ્વ દર્શનનું મૂળ સ્વરૂપ દ્રવ્ય ગુણ ને પર્યાય એ ત્રણનું અહીંયાં વર્ણન પહેલા શ્લોકમાં અસ્તિથી કહ્યું છે. ‘ ભાવાય ’ એમાં દ્રવ્ય લીધું ‘ ચિત્ સ્વભાવાય ’ ગુણ લીધો. હવે પર્યાય બાકી રહી ગઈ.

‘ સ્વાનુભૂત્યા ચકાસતે ’ એ પર્યાય છે. આહાહા ! પોતાની સ્વ-અનુભૂતિ પોતાની જ

અનુભવનરૂપ ક્રિયા. દેખો ! રાગની ને પુણ્યની ક્રિયા નહીં. પોતાની જે ગુણ ને ગુણી જે નિર્મળ અને શુદ્ધ છે, એની શુદ્ધની પોતાની જે ક્રિયા. આહાહા ! વ્યવહારની જે દયા-દાન-વ્રત-ભક્તિની ક્રિયાથી પ્રકાશે છે એવો એ નથી. એવો નથી એમ ન કહેતા. 'સ્વાનુભૂત્યા ચકાસતે', અસ્તિથી વાત કરી છે, સમજાણું કાંઈ ? પોતાની જ 'સ્વાનુભૂત્યા ચકાસતે', છે ને ? પોતાની જ અનુભવનરૂપ ક્રિયા, છે તો ક્રિયા પર્યાય. શુદ્ધ આનંદ ને જ્ઞાનની પર્યાયથી તે જણાય છે. શુદ્ધ જ્ઞાન ને શુદ્ધ આનંદની પર્યાયથી તે જણાય છે. આહાહા ! તે પર્યાય છે, પર્યાય નથી એમ નહીં, ન હોય તો કાર્ય તો પર્યાયમાં થાય છે અને દ્રવ્ય ને ગુણ આ છે, એવો નિર્ણય તો અનિત્ય એવી પર્યાયમાં થાય છે, (પર્યાયનું) અનિત્યપણું છે. આહાહા ! નિત્ય પણ છે અને અનિત્ય પણ છે, આવું છે.

'સ્વાનુભૂત્યા' સ્વ-અનુભૂતિ પોતાની શુદ્ધ સમ્યગ્દર્શન- જ્ઞાન- ચારિત્ર જે પવિત્ર, એવી શુદ્ધ ક્રિયાથી જાણી શકાય એવો છે. (નિજાત્મા) વ્યવહારની ક્રિયાથી જણાય એવી એ વસ્તુ નથી. આહાહા ! છે કે નહીં સામે ? 'સ્વાનુભૂત્યા' 'સ્વ' સ્વ નામ પોતે 'સ્વાનુભૂત્યા ચકાસતે' "પોતાની અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે" અર્થાત્ પોતાને પોતાથી જાણે છે. ભગવાન આત્મા જેને વ્યવહારના રાગની અપેક્ષા નથી એવી જે ચીજ છે એમ કહે છે. પોતાના અનુભવની પર્યાયથી પ્રકાશે છે. આહાહા ! એને રાગથી પ્રકાશે છે એવી નાસ્તિની વાત કરી નથી. અસ્તિથી કહેતાં નાસ્તિ એમાં આવી જાય છે. 'ભાવાય' નામ અસ્તિ 'ચિત્ સ્વભાવાય'માં અસ્તિ અને 'સ્વાનુભૂતિ'માં અસ્તિ-એકમાં દ્રવ્યની અસ્તિ, બીજામાં ગુણની અસ્તિ, ત્રીજામાં પર્યાયની અસ્તિ. અસ્તિથી સિદ્ધ કર્યું છે. આસ્રવ, પુણ્ય-પાપ, બંધ અને અજીવ એ આમાં લીધા જ નથી.

ફક્ત ભાવાય દ્રવ્ય લીધું, ચિત્ સ્વભાવ ગુણ લીધો ને અનુભૂતિમાં સંવર-નિર્જરા લીધા, દ્રવ્ય લીધું, ગુણ લીધું અને સ્વાનુભૂત્યામાં સંવર-નિર્જરા શુદ્ધ પર્યાય લીધી, શુદ્ધ પર્યાયથી તે જણાય એવો છે. વ્યવહાર ને નિમિત્તથી તે જણાય એવો નથી. આહાહા ! ત્યાં કથંચિત્ નથી. ઓલામાં ભાવમાં કથંચિત્ હતું, કારણ કે કથંચિત્ અભાવ પણ છે. ગુણમાં પણ કથંચિત્ ભેદ છે, ગુણગુણીનો ભેદ છે. એમ અહીંયા સ્વાનુભૂત્યા ચકાસતેમાં કથંચિત્ અનુભૂતિથી પ્રકાશે છે અને કથંચિત્ રાગથી પ્રકાશે છે એમ નથી. પોતાથી પ્રકાશે છે ને રાગથી પ્રકાશતો નથી એ વાત આમાં આવી જાય છે. નાસ્તિની વાત અસ્તિ કહેતાં આવી જાય છે. આહાહા ! આવો તો શ્લોક છે પહેલો ! આ તો મંગળિક કરે છે આ તો.

પોતાને પોતાથી જ જાણે છે, પ્રગટ કરે છે. ભગવાન આત્મા, વસ્તુ પણ કથંચિત્ ભાવ અભાવ સ્વરૂપ, ગુણ પણ કથંચિત્ ભેદ અભેદ સ્વરૂપ, પર્યાય અનુભૂતિથી જણાય, બીજાથી ન જણાય એમ એનું સ્વરૂપ છે. આહાહા !

'આ વિશેષણથી આત્માને અને જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર' એમ કે જ્ઞાન તો પરોક્ષ છે, પ્રત્યક્ષ થઈ શકતું નથી જૂઠું છે. આહા ! સર્વથા પરોક્ષ છે એમ નથી. કથંચિત્ પરોક્ષ છે, પૂરણ કેવળજ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી પરોક્ષ છે. પણ શ્રુતજ્ઞાન દ્વારા તે પ્રત્યક્ષ છે, એમ બેય છે. આહાહા ! સમજાણું કાંઈ ? શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ છે ઓલા વેદનની અપેક્ષાએ હોં, આમ શ્રુતથી પરોક્ષ છે, કેવળથી પ્રત્યક્ષ છે. શ્રુતથી અસંખ્ય પ્રદેશી પરોક્ષ છે પણ એનો અનુભવ છે એ પરોક્ષ નથી. આહાહા !

આટલા બધા પડખા પડે !

" આત્માને ને જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય-ભટ્ટ પ્રભાકર ભેદવાળા મિમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો " આહા ! એટલે જ્ઞાનને આત્મા સર્વથા જુદા એટલે પરોક્ષ જ છે એમ માનનારનો નિષેધ કર્યો, પ્રત્યક્ષ છે. કથંચિત્ પ્રત્યક્ષ છે કથંચિત્ પરોક્ષ છે. વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે અને તદ્દન આમ જોવું અસંખ્ય પ્રદેશની અપેક્ષાએ પરોક્ષ છે. કેવળજ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ ? પુસ્તક તો છે સામે ?

" તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય, જોયું ? પોતે પોતાને નથી જાણતો- એવું માનનારનો પ્રતિષેધ કર્યો. " જ્ઞાન છે એ બીજા જ્ઞાન દ્વારા જણાય. પોતે પોતાથી ન જણાય. એ જ્ઞાન જે ઉત્પન્ન થાય એ પોતે જાણતું જ ઉત્પન્ન થાય. આહા ! પોતે પોતાને જાણતું જ જ્ઞાન ઉત્પન્ન થાય છે, સ્વતઃ એને બીજા જ્ઞાનથી જાણવાની અપેક્ષા નથી. હવે આ એક શ્લોકમાં આટલા પ્રકાર-કેટલા યાદ રાખવા એને ? અસ્તિથી યાદ રાખવું, સત્તા વસ્તુ છે. ગુણ-ગુણીનો વાચક છે, તે ભેદ છે, વાચ્ય પણ ભેદ છે; સ્વાનુભૂત્યા ચકાસતે એમાં કોઈ રીતે પરથી અનુભવ થઈ શકે એમ નથી. અને તે જ્ઞાન જ્ઞાનથી જ જણાય છે, એ જ્ઞાનને જાણવા માટે બીજા જ્ઞાનની જરૂર પડે એવું નથી. નિરપેક્ષ જ્ઞાન પરની અપેક્ષા રાખ્યા વિના, આહાહા ! અહીં તો એમ કહે છે કે કદાચિત્ શાસ્ત્રનું જ્ઞાન કર્યું હોય, ભગવાનની વાણી સાંભળી હોય તો એ અપેક્ષા રાખીને જ્ઞાનનું પ્રત્યક્ષપણું વેદનનું થાય એવું નથી. આહાહા !

એ જ્ઞાન સીધું પોતાને વેદી શકે છે. આનંદનું વેદન સીધું કરી શકે છે. અને કથંચિત્ અપેક્ષાએ શ્રુતજ્ઞાનથી પણ પ્રત્યક્ષ કહેવામાં આવે, કેમ કે જેમાં પરની અપેક્ષા નથી માટે પ્રત્યક્ષ, શ્રુતજ્ઞાનથી પણ સર્વથા પરોક્ષ જ છે એમેય નથી. આહાહા ! કથંચિત્ પ્રત્યક્ષ છે કથંચિત્ પરોક્ષ છે કેમ કે જે જ્ઞાન બીજાની અપેક્ષા રાખતું નથી, સમજાણું કાંઈ ? એથી એ પ્રત્યક્ષ છે. પોતાથી જ છે. પણ અસંખ્ય પ્રદેશ આમ પૂરણ પોતે જાણી શકતા નથી. એ અપેક્ષાએ કેવળજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું અને શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું પરોક્ષેય કહ્યું અને પ્રત્યક્ષેય કહ્યું. આહાહા ! પોતે પોતાથી જાણી શકે માટે પ્રત્યક્ષ, જેને રાગ ને નિમિત્તની અપેક્ષા નથી માટે પ્રત્યક્ષ. અને પૂરણ અસંખ્ય પ્રદેશને આમ સીધું જાણી શકતું નથી, માટે પરોક્ષ. આહાહાહા ! સમજાણું કાંઈ ? આવું છે.

જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય, પોતે પોતાને નથી જાણતું. એવું માનનારનો પ્રતિષેધ થયો. આહા ! અસ્તિથી વાત કરીએ તો દ્રવ્યની, ગુણની અને પર્યાયની સાધકની સંવર-નિર્જરાની, શુદ્ધથી પ્રગટ સમજાય છે, એટલી.

હવે એની પૂરણતાની વ્યાખ્યા કરે છે. આહાહા ! એ પણ અસ્તિથી કરે છે. " સર્વભાવાંતરચ્છિદે " સર્વભાવ અંતર પોતાથી અન્ય, અંતર છે ને ? સર્વભાવ અંતર પોતાના ભાવથી અનેરા. પોતે ભાવાય છે, વસ્તુ છે, એનાથી અનેરા. સર્વભાવમાં પોતે આવ્યો, અંતર ચ્છિદે એનાથી અનેરા ભાવો, એનો છિદે, એનો જાણનાર છે. સર્વ ભાવાંતર સર્વ ભાવને જાણનાર એમ નહીં, સર્વ ભાવ જે પોતાના એનાથી અનેરા ભાવો, તેને જાણનારો છે. સમજાણું કાંઈ ? ' સર્વભાવાંતરચ્છિદે ' નો અર્થ એવો નથી કે સર્વભાવને કોઈ રીતે જાણી શકે છે. એવો અહીંયાં અર્થ નથી અહીં તો સર્વભાવ જે પોતાના છે એનાથી સર્વ જે અનેરા ભાવ છે તેને પૂરણ

રીતે જાણી શકે છે. સર્વભાવાંતર ( એટલે કે ) સર્વભાવથી અનેરા ભાવો, પોતાનો જે ભાવ સત્તા ને ગુણ ગુણીની વાત કરી, એવો જે ભાવ અને ભાવવાન, સ્વભાવવાન અને સ્વભાવ, એનાથી અનેરા ભાવો. જેટલા અનંતા દ્રવ્યગુણ ને પર્યાયો, આહાહા ! પોતાથી –છે ને ? અન્ય સર્વ જીવઅજીવ અંતર છે ને ? પોતાથીમાં સર્વ ભાવ નામ પોતાથી લીધું એનાથી અંતર નામ અન્ય સર્વ જીવાજીવ. આહાહા !

જીવ અને અજીવ બીજા અનંતા ' ચરાચર ' ગતિ કરનારા અને સ્થિર રહેનારા ચર નામ ગતિ કરનારા અને અચર નામ સ્થિર રહેનારા. પદાર્થોને સર્વ ક્ષેત્ર કાળ સંબંધી સર્વ પદાર્થને સર્વ ક્ષેત્ર, સર્વ કાળ સંબંધી સર્વ વિશેષણો સહિત ભાવ. આહાહાહાહા ! સર્વ ભાવાંતર, સર્વભાવ પોતે અને અંતર એટલે એ સિવાયના અનેરા સર્વ ભાવો. એને પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચાલતા અને સ્થિર પદાર્થોને સર્વ ક્ષેત્ર કાળ સંબંધી. ત્રણકાળ ને લોકાલોક ક્ષેત્રો. આહાહા ! અને સર્વ વિશેષણો સહિત એના સર્વભાવો સહિત, પર્યાય સહિત એક જ સમયે જાણનારો છે. આહાહાહા ! પ્રભુ પર્યાયમાં પૂરણ સર્વજ્ઞની પર્યાય, એક જ સમયમાં પોતાથી અનેરા અનંત પદાર્થોના દ્રવ્યના, ક્ષેત્રના, કાળના અને એના ભાવના, ગુણ ને પર્યાય બધાને એક સમયમાં જાણનારો છે. આહાહા ! છે ? એક જ સમયે જાણનારો છે.

આ વિશેષણથી સર્વજ્ઞનો અભાવ માનનાર, સર્વજ્ઞ હોઈ શકે નહીં એમ જે કહે છે એવા મત છે ને ઘણાંના, સર્વજ્ઞ હોઈ શકે નહીં. વર્તમાનમાં જે પૂરણ જ્ઞાન છે વર્તમાનનું એ સર્વજ્ઞ, ત્રણ કાળ અને ત્રણ લોકનું જ્ઞાન હોઈ શકે નહીં એનો નિષેધ કર્યો. આહાહા ! સર્વ વિશેષણોથી સર્વજ્ઞનો અભાવ માનનાર, મીમાંસક આદિ. , જૈનમાં રહેલા દિગંબરમાંય નહીં માનનારા છે. એક મહેન્દ્ર હતો પંડિત, સર્વજ્ઞને નહોતો માનતો. ગુજરી ગયો. " નિરાકરણ થયું. " આ પ્રકારના ગુણોથી, " આ પ્રકારના વિશેષણોથી શુદ્ધ આત્માને જ " શુદ્ધ આત્માને " જ ઇષ્ટદેવ તરીકે સિદ્ધ કરીને, " ઇષ્ટદેવ કરીને, ઇષ્ટ, ઇષ્ટદેવ છે ખરા. પરમાત્મા પોતે ઇષ્ટદેવ છે. વ્યવહારે સર્વજ્ઞ આ રીતે પરમાત્મા ઇષ્ટદેવ છે. આહાહા ! તેને નમસ્કાર કર્યો છે. શુદ્ધાત્માને જ, છે ? આ વિશેષણથી શુદ્ધાત્માને જ ઇષ્ટદેવ સિદ્ધ કરીને તેને નમસ્કાર કર્યો છે. આહાહા !

દ્રવ્ય, ગુણ, પર્યાય ને પૂર્ણતા ચાર બોલ લીધા. પોતાનું દ્રવ્ય સત્તા છે ' ભાવાય, ચિત્ત સ્વભાવાય ગુણ, સ્વાનુભૂતિ પર્યાય સંવર નિર્જરા એ દ્રવ્ય ગુણ સંવર નિર્જરા–સર્વભાવાંતરચ્છિદે એ મોક્ષ, પર્યાયની પૂર્ણતા બસ, એમ આ ચાર બોલમાં અસ્તિપણે સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ?

એમાં આ પહેલો શ્લોક મંગળિકનો મહા ઉત્તમ.

અસ્તિ જીવ છે, ગુણ–ગુણી ભેદ કથંચિત્ છે, કથંચિત્ નથી, પોતાના અનુભવથી સિદ્ધ થઈ શકે છે. પરોક્ષ અને પ્રત્યક્ષ બેય રીતે પણ છે. કથંચિત્ પ્રત્યક્ષ અને કથંચિત્ પરોક્ષ છે એ રીતે ઇષ્ટદેવને પોતાનો જ આત્મા, પરમાત્માનો ઇષ્ટદેવ કહીને એને નમસ્કાર કર્યો છે. એ ગાથાનો અર્થ પૂર્ણ થયો લ્યો. વિશેષ આવશે.

પ્રમાણવચન ગુરુદેવ !

સમયસારના અપૂર્વ સ્વાગત કરી અંતરમાં મંગળ પધરામણી કરાવનાર. શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !